KHRISHIKA®

# ઈનસ્ટન્ટ ચટણી મિક્સ




## અધિકૃત ભારતીય મસાલા




## શુદ્ધ હિંગ & સયુંક્ત હિંગ

♦ ૧૦૦% શુદ્ધ હિંગ ♦ હિંગડી ♦ પ્રિમિયમ નં. ૧ સ્ટ્રોંગ પાઉડર
♦ પ્રિમિયમ નં. ૧ પીળો પાઉડર ♦ કાબૂલી દાણા નં. ૧
♦ કાબૂલી ખડા નં. ૧૨૨ (વડી) ♦ કાબૂલી ખડા નં. ૧ ♦ બ્લેક (કાળા) ખડા

(૫૦ ગ્રામ, ૧૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કિગ્રા. અને ૫ કિગ્રા.માં ઉપલબ્ધ)




## ઓર્ડરો અને પૂછપરછ માટે

B.L.G.
BASANT LAL GAMBHIR

B.L.G.ઈન્ટરનેશનલ હિંગ પ્રા. લિ.
આયાતકાર / નિકાસકાર & ઉત્પાદકો

પ્લોટ નં. એ-૨૪૧, TTC ઈન્ડસ્ટ્રીયલ એરીયા,
એ-બ્લોક, મ્હાપે MIDC, થાણા, બેલાપુર રોડ
નવી મુંબઈ-400703, મહારાષ્ટ્ર, ભારત
ટેલિ. નં. 022-27842210 / 20,
મોબાઈલ નં. 9892222187
Email: info@khrishikahing.com

અમને ફોલો કરો

અમારી અહીં મુલાકાત લો :
www.blghing.com

SINCE 1900
લક્ષ્મી®
સંયુક્ત હિંગ

# બેજોડ છે આ હિંગ

**૧૨૫ વર્ષ પહેલાં કચ્છથી મુંબઈ આવેલી સસરા-જમાઈની જોડીએ શરૂ કરેલી આ કંપનીની હિંગ આજે ઘર - ઘર સુધી પહોંચી છે**

લક્ષ્મી હિંગ નામ પડે એટલે ગૃહિણીને હિંગની ગુણવત્તા પર પૂરો વિશ્વાસ બેસી જાય. પછી ગૃહિણી મુંબઈની હોય કે ગુજરાતની કે ભારતનાં અન્ય રાજ્યોની.

અલબત્ત, હિંગ જેવો જ રસપ્રદ આ કંપનીનો ઈતિહાસ છે. **૧૨૫** વર્ષ પહેલાં કચ્છથી મુંબઈ આવેલા પરિવારના બે સભ્યોએ *લક્ષ્મી હિંગ*ની શરૂઆત કરી. નવી સદીના આરંભકાળમાં અંજારિયાપરિવારના જમાઈ રણછોડદાસ એમ. કાનાણી અને એમના સસરા જમનાદાસ પ્રેમજીએ હિંગનો વ્યવસાય શરૂ કરવાનો નિશ્ચય કર્યો. એટલું જ નહીં, એ માટે પૂરેપૂરી કમર કસી, દોડાદોડ કરી, માણસો ભેગા કર્યા અને કામ ચાલુ પણ કરી દીધું. મુંબઈના મસ્જિદ બંદર વિસ્તારમાં નાનકડી વર્કશૉપથી શરૂ કરેલી સંઘર્ષયાત્રા આજે મુંબઈ-ગુજરાતની અનેક વર્કશૉપ સુધી વિસ્તરી છે. સેંકડો લોકોને આ કંપનીએ રોજગારી રૂપે સહારો પણ આપ્યો છે.

આજે *આર.એમ. કાનાણી ઍન્ડ કંપની-પાર્ટનર્સ* (વડોદરા-મુંબઈ) કંપની ચાર પેઢીમાં ચારેય દિશામાં ફૂલીફાલી છે. જમનાદાસ પ્રેમજીના પૌત્ર નરેન્દ્ર શામજી અંજારિયા અને મુકેશ શામજી અંજારિયા ઉપરાંત એમના પછીની પેઢીમાં જયેશ નરેન્દ્ર અંજારિયા અને રાજીવ મુકેશ અંજારિયા તથા પીયૂષ વી. કાલવાણી, વગેરે કંપનીને નવા મુકામે પહોંચાડવા મક્કમપણે કાર્યરત છે.

પરિવારના **૭૫** વર્ષના મોભી નરેન્દ્રભાઈ અંજારિયા કહે છે: 'એ સમયે તો કોઈ મશીનરી હતી નહીં. તમામ પ્રોસેસિંગ અને પૅકિંગ માણસો હાથેથી જ કરતા. અમે પોતે પણ એ કામ શીખતાં શીખતાં જ બિઝનેસમાં પ્રવેશ્યા. ધીમે ધીમે મશીન ઉપલબ્ધ થયાં એમ કામગીરી સરળ થતી ગઈ. આજે પ્રોસેસિંગ-પૅકેજિંગ સંપૂર્ણ ઑટોમેશન પર આવી ગયું છે.'

એ ઉમેરે છે કે હિંગ ભારતમાં તો થતી નથી. ઈરાન અને અફઘાનિસ્તાનમાં એની ઉત્પત્તિ મનાય છે. ભારતમાં હિંગ તૈયાર કરવા કાચો માલ ઈરાન-અફઘાનિસ્તાનથી જ લાવવો પડે છે. અહીં આપણે સારામાં સારી રીતે પ્રોસેસ-પૅકેજિંગ કરી તૈયાર હિંગ માર્કેટમાં આપીએ છીએ. આપણી આ જ તૈયાર હિંગની માગ દેશભરમાં અને ગલ્ફ રાષ્ટ્રોમાં પણ છે.

નરેન્દ્રભાઈનું કહેવું છે કે બિઝનેસમાં સફળ થવા માટે પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. સ્થિતિને અનુકૂળ થતાં શીખી લેવું પડે. દરેક પગલું ભરતાં ધ્યાન રાખવું. સખત મહેનત અને સમયવર્તે સાવધાની એ સફળતાનાં સૂત્ર છે.

દાયકાઓથી સમર્પિત કર્મચારીઓને પરિવારની જેમ સાચવવાના વલણ સાથે આજે કંપની અંજારિયા પરિવારના દૂરંદેશીભર્યા માર્ગદર્શનમાં નવી સિદ્ધિ હાંસલ કરવા કટિબદ્ધ બની છે.

આટલાં લાંબા મુકામમાં કંપનીએ અનેક પડકારનો સામનો કરવો પડ્યો છે. ખાસ તો સંપૂર્ણ વ્યવસાય ઈમ્પોર્ટ પર આધાર રાખતો હોવાથી સરકારની વિદેશનીતિની વેપાર પર સીધી અસર પડે. ઈરાન-અફઘાનિસ્તાનથી હિંગ ભારતમાં લાવવાના માર્ગો મર્યાદિત. એ સતત સંઘર્ષરત વિસ્તારોને લીધે પ્રભાવિત થતા રહે. બે જ માર્ગ શક્ય, હવાઈ અને જમીન. પાકિસ્તાન સાથેની નીતિઓમાં ખૂબ ફેરફાર હોવાથી દરિયાઈ માર્ગ શક્ય ન બને. સતત બદલાતી સ્થિતિમાં પણ સતત કંપનીએ માર્ગ કાઢીને વેપાર ધમધમતો રાખ્યો છે અને કર્મચારીઓને પણ સાચવ્યા છે. ભવિષ્ય માટે કંપનીએ આયોજન તૈયાર રાખ્યાં છે. આવનારાં વરસોમાં વ્યવસાયને વધુ દેશ વિદેશમાથી વિસ્તારવાનું લક્ષ્ય કંપનીના અગ્રણીઓએ રાખ્યું છે.

# વનદેવી હિંગ

## ઉત્પાદકઃ કિંજીન ફૂડ પ્રા. લિ.

''વનદેવી બાંધાની હિંગ'' આજે વર્ષોથી ગૃહિણીઓના મોઢે વસેલું નામ છે. વનદેવી હિંગનો પીળો પાઉડર, વનદેવી ૨૦૦૧ પાઉડર તથા ખડા, ૧૨૧ ખડા, ૭૫૧ દાના, ૧૧૧ કાબુલી ખડા તેમ જ લક્ષ્મીનારાયણ ૩૦૦૧ પાઉડર લોકો નંબરથી માગતા થયા છે. અમારાં બધાં પ્રોડક્ટસ્ ઓટોમેટિક મશીન દ્વારા થતાં હોવાથી હાયજેનિક (અનટચ) છે. અથાણાં અને પાઉડરનો સ્વાદ વનદેવી હિંગ વગર અધૂરો છે. ખાસ ધ્યાન રાખો, કિંજીન ફૂડની વનદેવી હિંગમાં મેળવશો. વર્ષોથી એ જ શુદ્ધતા, સોડમનો વિશ્વાસ. વનદેવી બાંધાની હિંગ સર્વત્ર ઉપલબ્ધ છે. ■

# ભરોસાનું બીજું નામ છે ભૂલેશ્વર કબૂતરખાનાં પાસેના હરિલાલ વેલજી મસાલાવાળા



મુંબઈઃ શુદ્ધ, સાત્ત્વિક અને બારેમાસ ભરવા લાયક મસાલા, અથાણા, પાપડ વગેરે માટે એક સદીથી પણ વધારાની વિશ્વસનીય પરંપરા ભુલેશ્વરના હરિલાલ વેલજીએ રાખી છે. અહીંથી દરેક વસ્તુઓ દુકાનના સંચાલક વૈષ્ણવ કપોળ જ્ઞાતિના શ્રેષ્ઠી બકુલભાઈ ઈશ્વરલાલ હરિલાલ વેલજી ગાંધીના વ્યક્તિગત નિરીક્ષણ હેઠળ તૈયાર થાય છે. દરેક વસ્તુઓની ગુણવત્તામાં ક્યારેય બાંધછોડ કરાતી નથી. અહીંની કરેક વસ્તુઓ સ્વાદિષ્ટ હોય છે અને હંમેશાં કુદરતી સ્વાદ તેમ જ સોડમથી ભરપૂર હોય છે.

હરિલાલ વેલજી મસાલાવાલા, એટલે જૂનું અને જાણીતું શ્રેષ્ઠ ગુણવત્તા વાળો માલ મેળવવાનું મથક. સો વર્ષથી પણ જૂનું એવા ભુલેશ્વર મુંબઈમાં મસાલાના મોટા વેપારી, એજ પરંપરાગત સ્વાદ માટે વર્ષોથી લોકોની પહેલી પસંદગી. ભારત તથા બીજા દેશોમાં પ્રખ્યાત એવા અમારા મસાલાની ગુણવત્તા માટે હંમેશાં ગ્રાહકોની માગ રહે છે. એક વાર અવશ્ય પધારી અમારા સ્પેશિયલ એવા મસાલા જેવા કે અથાણાં માટે મેથીયા કેરી, ગુંદાનો મસાલો (સંભાર), ચાટ મસાલો, સુરતી ગરમ મસાલો, પાંઉભાજી મસાલો, તજ-લવીંગ-એલચી યુક્ત ચહાનો મસાલો, બદામ -પિસ્તાથી ભરપૂર કેસરી દૂધનો મસાલો, એવા અનેક મસાલાઓ માટે અવશ્ય પધારો. ■

# કુસુમ મસાલાઃ ૫૩ વર્ષથી શુદ્ધતાની પરંપરાને જાળવી અને પરિવર્તન સાથે બન્યા આધુનિક

ભારતમાં મસાલાના વેપાર સાથે સંકળાયેલી અનેક બ્રાન્ડ છે, આમાંથી એક જાણીતું અને અગ્રણી નામ છે 'કુસુમ મસાલા'. કુસુમ મસાલાની સ્થાપના ૧૯૭૨માં મુંબઈના ઉપનગર ભાયખલામાં એક ભાડાની ફેક્ટરીમાં થઈ હતી, જ્યાં આખા મસાલાને દળીને તૈયાર કરવામાં આવતા હતા. ૧૯૭૮માં કુસુમ મસાલાએ ગોરેગાંવમાં પોતાની વિશાળ ફેક્ટરી શરૂ કરી અને ૧૯૮૨ સુધીમાં સિંગલ ગ્રાઈન્ડેડ અને બ્લેડેડ મસાલાની સંપૂર્ણ શ્રેણીનું ઉત્પાદન શરૂ કર્યું.

કુસુમ મસાલાએ કોઈપણ જાતના પ્રચાર કે જાહેરાતો વગર માત્ર ને માત્ર શુદ્ધતા અને ગુણવત્તાના આધારે ટૂંક સમયમાં જ લોકપ્રિયતા મેળવી માઉથ પબ્લિસિટી દ્વારા દેશના વિવિધ રાજ્યો અને ખાસ કરીને મુંબઈના ઘર ઘરમાં આગવું સ્થાન હાંસિલ કર્યું છે.

કુસુમ મસાલાએ ગરમ મસાલો, ચા મસાલો, પાંઉભાજી મસાલો, પાણીપૂરી, કિચન કિંગ મસાલો, બિરિયાની મસાલો, મેથિયા મસાલા એમ વિવિધ પ્રકારના બ્લેડેડ ગ્રાઉન્ડ મસાલાની પોતાની રૅસિપી તૈયાર કરી અને વિકસાવી છે. એટલું જ નહીં, બારેમાસ ભરવાના સિંગલ ગ્રાઉન્ડ મસાલા જેમ કે કાશ્મીરી રેશમપટ્ટી મરચું, હળદર, ધાણાજીરું, મરી, જીરું વગેરે પણ કોઈપણ જાતની ભેળસેળ અને માનવ હાથના સ્પર્શ વગર તેના સત્ત્વ જળવાઈ રહે એ રીતે શુદ્ધતાપૂર્વક અત્યાધુનિક મશીનમાં દળીને પૅક કરવામાં આવે છે. ફૅક્ટરીમાં જ મસાલાના પૅકિંગ માટે કંપનીએ ૧૯૯૩માં ફુલ્લી ઑટોમેટિક પૅકેજિંગ મશીન્સ પણ સ્થાપિત કર્યાં.

કંપનીએ ૧૯૮૮માં મધ્યપૂર્વના દેશોમાં અને ૧૯૯૨માં અમેરિકા અને લંડનમાં પોતાના મસાલાઓની નિકાસ શરૂ કરી. ઓમાન સહિત મધ્ય-પૂર્વના અન્ય દેશોમાં કુસુમ બ્રાન્ડ હેઠળ વેચાતા મસાલા ઓમાનમાં સૌથી વધુ બજાર હિસ્સો ધરાવે છે. કંપની હવે બ્રાન્ડ ડિસ્ટ્રિબ્યૂશન વિકસાવવાના હેતુ સાથે અમેરિકા, યુરોપ, જાપાન ઈત્યાદિની માર્કેટમાં વિસ્તરણની યોજના ધરાવે છે. એટલું જ નહીં, કંપની મસાલાની સાથે સાથે ઉત્પાદનોની તેની શ્રેણીનો વ્યાપ વધારતા રૅસિપી પેસ્ટ, રેડી-ટુ-ઈટ ગ્રેવીઝ ઈત્યાદિમાં પદાર્પણ કરી વધુ ને વધુ ગ્રાહકો અને બજારો સુધી પહોંચ મેળવવા સજ્જ થઈ રહી છે.

વધતી સ્પર્ધા અને બદલાતા સમય સાથે તાલ મેળવવા કંપની માર્કેટિંગ અને ટૅક્નોલૉજી ક્ષેત્રે નિરંતર રોકાણ કરતી રહી છે. વર્ષ ૨૦૦૦માં કંપનીએ ક્રાયોજેનિક પલ્વરાઈઝર્સ વસાવ્યા હતા અને ૨૦૧૦માં કંપનીને અપગ્રેડ કરતા ફુલ્લી ઑટોમેટિક ગ્રાઈન્ડિંગ પ્રોસેસ વિકસાવી હતી. સાથે જ કંપનીએ પોતાના ઉત્પાદનોને FSSAI અને HACCP જેવા ગુણવત્તા માનકોને અનુરૂપ વિકસાવ્યા છે. મહિને ૧૦૦૦ કિલોગ્રામ મસાલાના વેચાણથી શરૂ થયેલો આ વેપાર આજે લગભગ દૈનિક ૮૦૦૦ કિલોગ્રામ મસાલાના વેચાણ સુધી પહોંચી ગયો છે. કંપનીના વિકાસ અને વધતા વેપારને જોતા ઑક્ટોબર ૨૦૧૯માં ફૂડ્સ ઍન્ડ ઈન્સ લિ. નામની પબ્લિક લિમિટેડ કંપનીએ કુસુમ મસાલાને ભારતના દરેક ઘરમાં જાણીતું અને માનીતું બનાવવા તેમ જ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં વ્યાપક પગપેસારો કરવાના લક્ષ્ય સાથે કુસુમ બ્રાન્ડ પોતાને હસ્તગત કરી.



કુસુમ મસાલા સીધા જ ખેતરોમાંથી સર્વશ્રેષ્ઠ મસાલાઓ પસંદ કરી બારેમાસ ભરવાલાયક વિવિધ મસાલાઓની વ્યાપક શ્રેણી તેના અદ્યતન ફૅક્ટરીમાં તૈયાર કરે છે. કુસુમ મસાલા તેના મસાલાની ઉત્તમ ગુણવત્તાની ખાતરી આપે છે. અને જો ગ્રાહકને તેના સ્વાદ અને સોડમથી સંતોષ ન થાય તો સાત દિવસમાં ગ્રાહકને કોઈ પણ પ્રશ્નો કર્યા વગર મસાલાના પૂરા પૈસા પાછા આપવાનું વચન આપે છે.

ફૂડ્સ ઍન્ડ ઈન્સ લિ. એ આ લક્ષ્યને વાસ્તવિક સ્વરૂપ આપવાના પ્રથમ પગલાં તરીકે પ્રોસેસ્ડ મસાલા અને તેને સંબંધિત ઉત્પાદનોના અગ્રણી ઉત્પાદક બનવા અને સ્વદેશી તેમ જ વિદેશી માર્કેટમાં વ્યાપક પહોંચ મેળવવા આશ્ચર્યજનક ગ્રોથ ચાર્ટ તૈયાર કર્યો છે. આ મેક-ઑવરના એક અભિન્ન અંગ તરીકે ફૂડ્સ ઍન્ડ ઈન્સે કુસુમ મસાલાને તેના દૃષ્ટિકોણ, મિશન, નૈતિકતા અને સૌથી મહત્ત્વપૂર્ણ સખત ગુણવત્તા માનકોને અનુરૂપ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે.

ફૂડ્સ ઍન્ડ ઈન્સે કુસુમ મસાલાના સંપૂર્ણ પ્રોડક્શન પ્લાંટને અપગ્રેડ કરવા મોટું રોકાણ કરવાનો પણ નિર્ણય કર્યો છે, જેથી તે દરેક રીતે અત્યાધુનિક બને અને અંદાજિત વૃદ્ધિને અનુરૂપ બનવા ઉચ્ચ સ્થાપિત ક્ષમતા મેળવી શકે. મૉડર્નાઈઝેશનની યોજનાના ભાગ રૂપે ફૂડ્સ ઍન્ડ ઈન્સે કુસુમ મસાલાના હાલ મુંબઈસ્થિત પ્લાંટને ૨૦૨૨માં મહારાષ્ટ્રના નાસિકમાં ગોંડે ખાતે સ્થળાંતર કરી તેને વિશાળ અને અત્યાધુનિક ફૅક્ટરીનું સ્વરૂપ આપ્યું છે. કંપનીએ મસાલાની પ્રક્રિયા માટે તેના સોર્ટિંગ, ગ્રેડિંગ, ક્લીનિંગ, રોસ્ટિંગ, બ્લેંડિંગ, ગ્રાઈન્ડિંગ અને પૅકિંગ સુધીનાં દરેક કાર્યો માટે સૌથી અદ્યતન ટૅક્નોલૉજી અપનાવવાનો નિર્ણય કર્યો છે.

આ વિસ્તરણ યોજના અંતર્ગત, કુસુમ મસાલાએ એથિનિલ ઓક્સાઈડ સ્ટરિલાઈઝેશન જેવી ગુણવત્તા બાંયધરી આપતી ટ્રીટમેન્ટ્સમાં રોકાણ કર્યું છે અને સ્ટીમ સ્ટરિલાઈઝેશન ટ્રીટમેન્ટમાં પણ રોકાણની યોજના ધરાવે છે, જેથી આ પ્રક્રિયામાંથી મહત્તમ પ્રદૂષણ અને રોગકારકો (પેથોજેન્સ) દૂર થાય એ ખાતરી કરી શકાય. આ નવો પ્લાંટ FSSAIના નિયમોને અનુરૂપ હોવા સાથે, HACCP, US FDA રજિસ્ટ્રેશન અને BRCGS ઈત્યાદિ જેવા આંતરરાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા માનકોનું પણ પાલન કરવામાં આવે છે.

કંપની નવા મસાલા પ્લાંટની સ્થાપિત ક્ષમતાને હાલની ક્ષમતા કરતા ત્રણ ગણી કરવા અને ઉત્પાદનની સંપૂર્ણ પ્રક્રિયા દરમિયાન મસાલામાં રહેલા આવશ્યક તેલી તત્ત્વોને કાળજીપૂર્વક જાળવવામાં આવે એ સુનિશ્ચિત કરવા ક્રાયોજેનિક પલ્વરાઈઝિંગ સિસ્ટમ્સ સાથે સ્ટરાઈલ અને નૉન-સ્ટરાઈલ સેટ-અપ્સ ઊભા કરવાનો ઈરાદો પણ ધરાવે છે. આ ઉપરાંત, માઈક્રો બાયોલૉજીકલ ક્ષમતાઓ સાથેની અત્યાધુનિક ઈન-હાઉસ લૅબોરેટરી ઉત્પાદનના દરેક બૅચ સખત ગુણવત્તા નિયંત્રણ ધોરણોમાંથી પસાર થયા પછી જ વૈશ્વિક સ્તરે વિતરણ કરાય એ ચકાસણી કરવામાં સહાયક બને છે.

સ્પાઈસીસ પ્લાંટને અત્યાધુનિક સ્તરે અપગ્રેડ કરવા માટે આ રોકાણ અને વિઝન કુસુમ મસાલાને ભારતના અગ્રણી નિર્માતાઓ અને નિકાસકારોની ક્ષમતાને અનુરૂપ બનવામાં મદદ કરવાની સાથે પરંપરા અને ટૅક્નોલૉજીનો સમન્વય સ્થાપિત કરવામાં પણ સહાયક બનશે. એટલું જ નહીં, કુસુમ મસાલા તેના શુદ્ધ અને ઉત્કૃષ્ટ ઉત્પાદનોને દેશ-વિદેશમાં વસતા તેના ગ્રાહકો સુધી પહોંચાડવા ભારતભરમાં સીઍન્ડએફ એજન્ટો નીમવાની યોજના પણ ધરાવે છે.

આમ, આધુનિક ટૅક્નોલૉજીના સથવારે કુસુમ મસાલા શુદ્ધતાની પરંપરાના ૫૩ વર્ષના તેના અતૂટ વિશ્વાસ અને વારસાને આગળ લઈ પ્રતિબદ્ધ બને છે.

# શીલા ઠક્કરઃ અસંખ્ય પડકારો સામે ઝઝૂમીને આજે સફળતાના સાતમા આસમાને

## સરગમ ફૂડ્સની વનદેવી અને વૈદેહી બ્રાન્ડની હિંગનું છે રસોડાઓમાં સામ્રાજ્ય



ચૅરમૅન અને ડાયરેક્ટર
શીલા મહેન્દ્ર ઠક્કર

ઘણીવાર મહિલાઓને જ્યારે પૂછવામાં આવે કે તમે શું કરો છો? ત્યારે તેઓ બહુ દુઃખી થઈને કહે છે કે હું માત્ર એક હાઉસ વાઈફ છું. પણ આજે જ્યારે આપણે ૨૧મી સદીની મહિલા અને મહિલા દિવસ અંગે વાત કરીએ છીએ ત્યારે કાયમ લાગે છે કે જે સ્ત્રીને લોકો દુર્ગા, કાલી, લક્ષ્મી કે સરસ્વતીનું બિરુદ આપે છે એ મહિલા પોતાની શક્તિને અવગણીને પોતાની જાતને કમજોર કઇ રીતે કહી શકે? સ્ત્રીમાં તો એવી શક્તિ રહેલી છે જે ગમે તેટલી કપરી પરિસ્થિતિ હોય કે મુશ્કેલીનો પહાડ હોય અથવા તો દુઃખનો દરિયો હોય તે પોતાના આત્મવિશ્વાસ અને સાહસને પગલે આ તમામ મુશ્કેલી સર કરી સફળતાનાં શિખરો સર કરે છે. ત્યારે ચાલો વાત કરીએ એક એવી મહિલાની જેણે તમામ પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરી પોતાની જાતને સાબિત કરી છે.

વાત છે સરમગ ફૂડ્સના ચૅરમૅન અને ડાયરેક્ટર શીલા ઠક્કરની. જેમણે પોતાના બિઝનેસમાં અડીખમ ઉભા રહી એક આગવું નામ કમાવ્યું છે. તેઓને આઈકોનિક પાવરફૂલ વુમન ઈન ધ ફૂડ ઈન્ડસ્ટ્રી માટે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યાં છે. તો ચાલો જાણીએ શીલા ઠક્કરનો ફૂડ ઈન્ડસ્ટ્રીનો સક્સેસફૂલ પ્રવાસ...

**● 'તમે આ બિઝનેસમાં કઇ રીતે જોડાયાં?'**

મારા લગ્ન એક કચ્છી પરિવારમાં થયા હતા. કચ્છીઓમાં તે વખતે સામાન્ય રીતે મહિલાઓ બહાર નીકળી કામ કરતી નહોતી. મારી બહુ ઈચ્છા હતી કે હું કામ કરું, તો મારા પતિએ કહ્યું કે તને કામ કરવું છે? તો તું બીજે ક્યાંય ન જતી. હું તને ફેક્ટરી નાખી આપું છું તું એ સંભાળ. ત્યારે અમે હિંગ મેન્યુફેક્ચરિંગની કંપની સ્થાપી. અને આ રીતે મારો બિઝનેસનો પ્રવાસ શરૂ થયો.

**● જે તે સમયે મહિલા તરીકે આ બિઝનેસ ચલાવવો કેટલો મુશ્કેલ હતો?**

બધું મુશ્કેલ જ હતું. જ્યાં સુધી મારા પતિ જિવીત હતા ત્યાં સુધી એમની ખૂબ મદદ મળતી. પણ હા એ વખતે પણ મને નાની નાની વસ્તુ ખરીદવા માટે બહાર જવું પડતું. પતિએ ફેક્ટરી નાખી આપી હતી. એટલે બેઝીક મશીનરી અને સામાન હતો પણ કોઇ પણ ફૂડ રીલેટેડ કંપનીમાં



નાની- નાની ઘણી વસ્તુઓની જરૂર પડતી ત્યારે એમઆઈડીસી તો હું એકલી જ મહિલા હતી જે ફેક્ટરીએ બેસતી. હું બજારમાં વસ્તુઓ લેવા જતી તેથી આખા પરિસરમાં લોકો મને ઓળખવા લાગ્યા. મારા પતિના મૃત્યુ બાદ મારા માટે ચેલેન્જીસ વધવા લાગ્યા.

**● કેવા પડકારોનો સામનો કરવો પડ્યો?**

મારા પતિના મૃત્યુ બાદ ઘણી બધી વસ્તુ બદલાઇ ગઇ હતી. એ હતા ત્યાં સુધી કાચો માલ ખરીદવો વગેરે બધું એ જ જોતાં. પછીથી લોકોએ ચિટીંગ શરૂ કરી. શરૂઆતમાં મને માલની એટલી ઓળખ નહોતી. હિંગની ૧૦૦ કિલોની ગુણમાં પાંચ કિલો મેંદો નાખેલો હોય તો તમને ખબર જ ન પડે. જેને કારણે તમારા માલની પ્યોરિટીને અસર થાય. એવા ઘણા લોકોએ છેતરવાનો પ્રયાસ કર્યો. હું ક્યાંક છેતરાઇ પણ છતાં હું અડિખમ ઊભી રહી. મારા પતિ હતા ત્યારે જ અમારી ફેક્ટરીમાં ઈન્કમ ટેક્સ, સેલ્સ વગેરેની રેડ પડી હતી. મેં આ તમામ વાતો ખૂબ સ્ટ્રોંગ થઈને ફેસ કરી છે. ૧૯૯૭માં અમારી ફેક્ટરીમાં આગ પણ લાગી હતી અને ફેક્ટરી લગભગ ૯ મહિના સુધી બંધ હતી. અમે એ નવે નવ મહિના અમારા કર્મચારીઓ અને કારીગરોને પગાર આપ્યો છે. ઘણો મુશ્કેલ સમય હતો. પણ હું મહત્વાકાંક્ષી હતી. તેથી મેં અડગ રહીને તમામ મુશ્કેલીઓનો સામનો કર્યો.

**● આ બિઝનેસમાં આવવા માગતી મહિલાઓને શું કહેશો?**


ડેડીકેશન રાખો. તમારી નિયત સાફ રાખો. આ સ્પર્ધાત્મક વિશ્વ છે પછી એ કોઇ પણ ક્ષેત્ર હોય જો તમે કોઇનું સારું ના કરી શકો તો ખરાબ પણ ના કરતા. હાર્ડવર્ક કરો, લોકો તમને છેતરશે. પણ જો તમારામાં ધગશ હશે તો તમને કોઇ હરાવી નહીં શકે. એટલે પ્રયત્નશીલ રહેજો. હાર ના માનતા.

**● મહિલાઓને શું સંદેશો આપશો?**

તમે તમારું શ્રેષ્ઠ જ આપો. ગમે તેટલી કપરી પરિસ્થિતિ હોય તો પણ અડીખમ રહો. જો તમે હાર નહીં માનો તો સફળતા તમારી સાથે જ છે. ખાસ કરીને મારે હાઉસ વાઈફને એક વાત કહેવી છે. જ્યારે તમે કહો છો કે હું માત્ર હાઉસ વાઈફ છું, ત્યારે મને ખૂબ ખરાબ લાગે છે. તમે પોતાની જાતને નાની સાબિત કરો છો. ખરેખર તો હાઉસ વાઈફનો જોબ એ સૌથી અઘરું કામ છે. જેમાં કોઇ પગાર કે ઈન્સેન્ટીવ્સ હોતા નથી. છતાં જો તમે આટલું બધુ સારું કરી શકતા હોવ તો એ કોઇ નાની વાત નથી. જે મહિલાઓ નોકરી કરે છે, તેઓ દેખાઇ આવે છે, કે બિચારી નોકરી કરીને આવી છે, થાકી ગઇ હશે, પણ હાઉસ વાઈફનો થાક કે કામ દેખાતા નથી, તમે બધા ખૂબ જ અઘરું અને સારું કામ કરી રહ્યા છો, તેથી કાયમ ગર્વથી કહેજો કે હું હાઉસ વાઈફ છું.

# હિંગના ઉત્પાદનમાં નંબર વન

**ભારતમાં હિંગની અગ્રણી આયાતકાર અને ઉત્પાદક કંપની બીએલજી ઈન્ટરનેશનલ વેપારની તમામ ચેનલ્સ અને બજારમાં સક્રિય રીતે તેની હાજરી વિસ્તારી રહી છે.**



મોહિત ગંભીર - એમડી,
બીએલજી ઈન્ટરનેશનલ

વર્ષ ૧૯૪૫માં બસંતલાલ ગંભીરે હિંગના બ્રોકર તરીકે બીએલજી ઈન્ટરનેશનલની સ્થાપના કરી હતી. તેમણે પોતાની દીર્ઘદૃષ્ટિથી કંપનીના વિકાસનો માર્ગ કંડાર્યો અને સમય જતા તેની પ્રગતિ ઝડપી બની. ૨૦૦૪માં મોહિત ગંભીરે તેના મૅનેજિંગ ડિરેક્ટર તરીકે કંપનીના નેતૃત્વની જવાબદારી સંભાળી હતી. તેમના માર્ગદર્શન હેઠળ બીએલજી ભારતની અગ્રણી હિંગ અને રસની આયાતકાર અને ઉત્પાદક બનવા માટે આગળ વધી છે. કંપનીની મુખ્ય ફિલસૂફી હિંદુકુશ પ્રદેશમાંથી શુદ્ધ હિંગ મેળવીને અજોડ ગુણવત્તા પ્રત્યેની તેની અતૂટ પ્રતિબદ્ધતા ઉપર કેન્દ્રિત છે. કંપનીએ બીરબી, પ્રાઈવેટ લેબલ જેવા માધ્યમો અને પોતાની માલિકીની બ્રાન્ડસ ક્રિષિકા અને બીએલજી દ્વારા બીરબી સેગમેન્ટમાં ૨,૦૦,૦૦૦થીવધુ ગ્રાહકો મેળવીને નોંધપાત્ર પ્રગતિ કરી છે. તે ભારતભરની અગ્રણી મસાલા અને પાપડ કંપનીઓને **સર્વિસ** પૂરી પાડે છે.

બીએલજી જે વિવિધ પ્રોડક્ટસનું ઉત્પાદન કરે છે, તેમાં હિંગ, ઈન્સ્ટન્ટ ચટણી, મસાલા, કેસર, મખાણા, મીઠું, સિઝનિંગ, પોપકોર્ન અને સોયા ચન્કસ સહિતનો સમાવેશ થાય છે. કંપની જે રાજ્યોમાં વેપાર કરે છે, તેમાં તેણે ૧૦૦ ટકાની વૃદ્ધિ મેળવી છે. તે નવી પ્રાદેશિક બજારોમાં તેની હાજરીને વિસ્તારવા ધારે છે.

## રિટેલ વેચાણની વ્યૂહરચના

બીએલજી ઇન્ટરનેશનલની પ્રોડક્ટસ દેશભરમાં પથરાયેલા રિલાયન્સ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે. નજીકના ભવિષ્યમાં તેના ઉત્પાદનો દેશના અન્ય વિવિધ અગ્રણી રિટેલ સ્ટોર્સ અને દુકાનોમાં ઉપલબ્ધ બનશે. કંપનીએ પ્રાદેશિક સ્તરે રાજ મંદિર, બીકેડી, ડેરિકા જેવી મુખ્ય પ્રાદેશિક ચેનલ્સમાં ઉપલબ્ધતા મેળવી છે. કંપનીએ આધુનિક વેપાર શૃંખલામાં વ્યૂહાત્મક અને અસરકારક રીતે ગોઠવાવા માટે તેની ઈન્સ્ટન્ટ ચટણીથી શરૂઆત કરીને વિશિષ્ટ સ્થાન જમાવ્યું છે. કંપનીએ મુખ્ય વેચાણ કેન્દ્રોમાં તેના મુખ્ય ઉત્પાદનો ઉચ્ચ ગુણવત્તાવાળા હિંગ અને કેસર ગ્રાહકોને સ્પર્ધાત્મક ભાવે અને રિટેલરોને આકર્ષક નફા ગાળા સાથે વેચાણ માટે મૂક્યા છે. કેસર અને પૉપ હોપ ઈન્સ્ટન્ટ પૉપ કૉર્ન જેવી પ્રોડક્ટસે કંપનીને લોકપ્રિયતા અપાવી છે. કંપની ગ્રાહકો માટે ઓફરોની પ્રસ્તુતી અને સમયાંતરે વેચાણ પ્રમોશન માટે ઑનલાઈન ચેનલો અને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ્સ દ્વારા ગ્રાહકોની સાથે જોડાયેલી રહે છે.

## બજારોમાં પરિવર્તનમાં સફળતા

ગંભીર કહે છે કે, 'અત્યારે ગ્રાહકો નાણાકીય ગણતરીને ઓછું અને કાર્યક્ષમ ગુણવત્તાયુક્ત ઉત્પાદનોને વધુ મહત્ત્વ આપે છે. આ વલણને પારખીને અમે ઈન્સ્ટન્ટ ચટણીઓ બજારમાં સફળતાપૂર્વક મૂકી છે.'

કંપની લક્ઝરી અને પ્રીમિયમ પ્રોડક્ટસ સેગમેન્ટ તરફ વળવા માટે ખર્ચેલા પૈસાનું પૂરું વળતર આપે તેવા ઉત્પાદનોની ગ્રાહક માગને પ્રાથમિક્તા આપે છે. કંપની ગ્રાહકોની સંતોષ પરિતૃપ્તિ માટે કૂપન સ્કીમ ઓફર કરે છે, વેચાણ પ્રમોશનને વ્યૂહાત્મક રીતે ગોઠવે છે અને ગ્રાહકોની અજમાયશ માટે સેમ્પલિંગ સુવિધા આપે છે.

## હવે ભાવિ યોજનાઓ કઈ છે?

બીએલજી ઈન્ટરનેશનલ આધુનિક વેપાર, પરંપરાગત વેપાર, નિકાસ અને મુખ્ય ચેનલોમાં હાજરી દ્વારા તેની બજાર પહોંચને વિસ્તારી રહી છે. કંપની તેના વિતરણ નેટવર્કને પણ વિસ્તારી રહી છે, નવા ભાગીદારોની શોધ કરી રહી છે અને વધતી માગને પહોંચી વળવા ઉત્પાદન ક્ષમતામાં વધારો કરી રહી છે. તેની ભાવિ યોજનાઓમાં પીસેલાં, બ્લેન્ડેડ અને આખા મસાલાનો સમાવેશ થાય છે. આગામી નાણાકીય વર્ષમાં, કંપની ડિજિટલ માર્કેટિંગ, સોશિયલ મીડિયા અને ઈન્ફલુએન્સર માર્કેટિંગ દ્વારા વ્યૂહાત્મક અભિગમ અપનાવશે. આમાં ઑનલાઈન અને ઓફલાઈન બંને માટે એક સેલિબ્રિટીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમવાનો સમાવેશ થાય છે.



**'અત્યારના ગ્રાહકો શ્રેષ્ઠ ગુણવત્તા અને સમય કાર્યક્ષમતા ધરાવતા ઉત્પાદનોને પ્રાથમિકતા આપે છે. આ ટ્રેન્ડને અનુરૂપ, અમે ઈન્સ્ટન્ટ ચટણીઓ બજારમાં મૂકી છે જેણે બજારમાં રસ જાગૃત કર્યો છે.'**
**- મોહિત ગંભીર, એમડી, બીએલજી ઈન્ટરનેશનલ**

